ઉનાળાના આરંભે નગરમાં ઠેર ઠેર રસના કોલા નજરે પડવા લાગ્યા છે. મધ્યમ વર્ગ માટે ઠંડક આપતું સસ્તું અને હાથવગું પીણું એટલે શેરડીનો રસ. વર્ષોની પરંપરા છે કે, ગાંધીનગરમાં મહા મહિનાના પ્રારંભથી જ ઉત્તર પ્રદેશના ભૈયાજીઓ રસના કોલા માટે આવી જાય છે અને ત્રણ મહિનાનો મૌસમી ધંધો કરી જૂન મહિનાના અંતમાં વતનમાં પાછા ફરે છે. ગાંધીનગરના જનજીવનમાં રસના કોલાની જગ્યા ઉનાળામાં હોટ ફેવરીટ છે. **(તસવીર : દિપક જાની)**

તમામ ફાર્મહાઉસ અને બંધ મકાનો પર ખાસ નજર રાખવા એસ.પી.ની સુચના

બોપલની લુંટની ઘટનાઓ બાદ તકેદારીના ભાગરૂપે એસ.પી.એ બેઠક યોજી : પી.આઈ.એ ફાર્મહાઉસમાં ફરજીયાત વીઝીટ લઈ ચોકીદારની સહી કરાવવી પડશે

ગાંધીનગર, તા.૭

બોપલમાં બનેલી લુંટની ઘટનાએ સમગ્ર અમદાવાદમાં ચકચાર જગાવી છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં તકેદારી રાખવાના ભાગરૂપે જિલ્લા પોલિસ વડાએ તમામ પોલીસ મથકનાં અમલદારો સાથે આજે બેઠક ગોઠવીને સઘન ચેકીંગ ઉપરાંત સખત નાકાબંધી, વાહન ચેકીંગ કરવાની સુચનાઓ આપી હતી તે ઉપરાંત પી.આઈ.એ દરરોજ ફરજીયાત ફાર્મહાઉસની વીઝીટ લઈ ચોકીદારની સહી કરાવવા તથા બંધ મકાનોમાં ખાસ નજર રાખવા તાકીદ કરી હોવાનું જાણવા મળ્યું છે.

બોપલમાં બનેલા કંપાવી મુકે તેવા લુંટના કિસ્સાઓને ધ્યાને લઈને આજે જિલ્લા પોલિસ વડા દ્વારા એસ.પી. ઓફીસે જિલ્લાના તમામ પોલીસ મથકના પી.આઈ. સાથે તાકીદની બેઠકનું આયોજન કર્યું હતું. ખાસ તકેદારી રાખવા માટે એસ.પી.એ. ચુસ્ત નાકાબંધી તથા સઘન વાહનચેકીંગના મુદ્દાઓ ધ્યાને લીધા હતા તે ઉપરાંત દરેક પી.આઈ.એ તેમની જયુરીડીકશનમાં આવતા તમામ ફાર્મ હાઉસ અને બંધ મકાનો પર ખાસ નજર રાખવા સુચના આપી હતી અને પી.આઈ.એ ફરજીયાત દરરોજ ફાર્મ હાઉસની વીઝીટ લઈ ત્યાંના ચોકીદારની હાજરી તપાસી તેની સહી રજીસ્ટરમાં કરાવવા આદેશ કરવામાં આવ્યા છે. એસ.પી. શરદ સિંઘલે યોજેલી આ બેઠકમાં લુંટ, ઘરફોડ ચોરી સહીતના પ્રજાની વિવિધ સલામતીના મુદ્દાઓની ચર્ચા કરીને તકેદારી રાખવાના સુચનો કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

બેફામ બનેલા શટલીયા વાહનો વિરૂદ્ધ કડક પગલા લેવા ઝુંબેશ

આડેધડ પાર્કીંગ કરતા વાહનચાલકો પણ દંડાશે : વાયબ્રન્ટ સમિટમાં શટલીયા બંધ કરાવી દેવાયા હતા જેને પગલે તે દિવસોમાં અકસ્માતોનું પ્રમાણ નહીવત નોંધાયું હતું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર શટલીયા જીપો અને રીક્ષાઓ બેફામ બની ગયા છે. એસ.ટી. બસના પીકઅપ પોઈન્ટ પર જ્યાં ત્યાં ઉભા રહી જતા હોવાની પરીયાદો પણ શરૂ થઈ જવા પામી છે. તે ઉપરાંત ખાનગી વાહનોનું આડેધડ પાર્કીંગ પણ બેરોકટોક શરૂ થઈ જવા પામ્યું છે. જેને ધ્યાને લઈને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા આવતીકાલથી સઘન કાર્યવાહી કરીને કડક પગલા લેવાની ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન ગાંધીનગર શહેરમાં શટલીયા જીપો-રિક્ષાઓ સદંતર બંધ કરાવી દેવાતા અકસ્માતોનું પ્રમાણ પણ નહિવત જોવા મળ્યું હતું. સમિટ પુરી થયાને ગણતરીના દિવસો બાદ શટલીયા વાહનોનો ત્રાસ ફરી વર્તાઈ આવ્યો છે. જ્યાં ત્યાં પાર્કીંગ, કોઈ પણ સ્થળે બ્રેક લગાવી દઈને ગાડી ઉભી કરી દેવી, એસ.ટી.પીકઅપ સ્ટેન્ડ પાસે ઉભેલા મુસાફરો બેસાડી લઈ ટ્રાફીકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન શરૂ થઈ ગયું છે. જેને પગલે ગાંધીનગર જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા આવતીકાલથી તેમને કાબુમાં લેવા માટે પુનઃ ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. તે ઉપરાંત આડેધડ વાહનો પાર્ક કરીને નીકળી જતાં ખાનગી વાહનોના ચાલકને પણ કંટ્રોલમાં લેવા કડક પગલા લઈ ટ્રાફિકના નિયમન માટે પાઠ ભણાવવામાં આવશે.

પીધેલા એસઆરપી જવાને પોલીસનો ડબ્બો મોપેડ પર ચઢાવી દીધો

સે. ૨૪ ચોકડી પાસે બનેલી ઘટના : જવાન પીધેલી હાલતમાં ટ્રક લઈને નીકળ્યો હોવાનું ધ્યાને આવતા ટોળાએ સામાન્ય ટપલીદાવ કરી રોષ ઠાલવ્યો : જવાનની ધરપકડ

ગાંધીનગર, તા. ૭

દારૂના નશામાં ચકચુર થઈને પોલીસનો ડબ્બો (ટ્રક) લઈને શહેરના માર્ગો પર નીકળી ગયેલા એક એસઆરપી જવાને ગઈકાલે સેક્ટર-૨૪ સર્કલે એક કાઈનેટીક મોપેડ પર ડબ્બો ચઢાવી દેતા ઉહાપોહ મચી જવા પામ્યો હતો અને પીધેલી સ્થિતિમાં પોલીસ ટ્રક લઈને નીકળી પડેલા જવાન પર લોકોએ સામાન્ય ટપલીદાવ પણ કરી લીધો હતો. સે. ૨૧ પોલીસે એસઆરપી જવાનની ધરપકડ કરીને મોપેડ માલીકની ફરીયાદને આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ખાતે સ્થિત શ્રીનગર સોસાયટીમાં રહેતા રાજેન્દ્રકુમાર બાબુલાલ જયસ્વાલ તેમનું કાયનેટીક મોપેડ લઈને સે. ૨૪ ચોકડી પાસે પાર્ક કરી નાસ્તા-પાણી માટે ઉભા હતા. દરમ્યાન બેફામ ગતિએ એક પોલીસનો ડબ્બો (ટ્રક) નં. જીજે-૧-જી-૬૯૧૬ ચોકડી પાસે આવ્યો અને પાર્ક કરેલા કાયનેટીક ઉપર ટ્રક ચઢાવી દીધો હતો. અકસ્માત બાદ ટ્રકમાંથી દારૂના નશામાં ચિક્કાર એસઆરપી જવાન ડ્રાઈવર સુરેશ સેમ્યુઅલ ખરાત લથડીયા ખાતો ખાતો ટ્રકમાંથી ઉતર્યો. દારૂના નશામાં તેણે અકસ્માત સર્જ્યો હોવાનું લોકોને જાણવા મળતાં તેના પર ટપલી દાવ કરીને લોકોએ રોષ ઠાલવ્યો હતો. સે. ૨૧ પોલીસને ડ્રાઈવર એસઆરપી જવાનની ધરપકડ કરી લઈ તેના વિરૂદ્ધમાં પીધેલી હાલતમાં ગાડી ચલાવી અકસ્માત સર્જવા બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજે ચિત્ર પ્રદર્શન ખુલ્લુ મુકાશે

ગાંધીનગર, તા.૭

ગુજરાત વિઝ્યુઅલ વુમેન આર્ટીસ્ટ એસોસિએશનની મહિલા ચિત્રકારો દ્વારા આજે તા. ૮મી માર્ચ ૨૦૧૩ના રોજ ચિત્ર પ્રદર્શન યોજવામાં આવશે. જેનું ઉદઘાટન આજે ૫.૩૦ કલાકે આર્કિટેક મીનાક્ષી જૈન અને મુખ્ય મહેમાન અમી યાજ્ઞિકના શુભ હસ્તે થશે. અમદાવાદ એલિસબ્રિજ લો ગાર્ડન પાસેના રવિશંકર રાવલ કલા ભવન ખાતે ચિત્ર પ્રદર્શન યોજાશે.

॥ अभय ॥ AD ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar
website : www.abhaydecorators.com, email : abhaydecorators@yahoo.com

સાંભળ્યુ છે કે...

..... આવતા વર્ષથી બોર્ડની પરીક્ષાના પ્રારંભે પત્રકારો અને મહેમાનોને 'ચૌધરીનો શીરો' ખવડાવવા ચૌધરી શિક્ષણ સંકુલના અગ્રણી હરિભાઈ ચૌધરીએ સંબંધિતોને સૂચના આપી હતી.

..... નગરના જાણીતા અધ્યાપક ડૉ. પ્રણવ જોશીપુરાને નાટકોના સંશોધનાત્મક પ્રોજેકટને રાષ્ટ્રીયકક્ષાએ મંજુરી મળી...

..... સેક્ટર-૮ના વસાહતી બ્રિજેશ મેરજા રાજકોટ જિલ્લા કોંગ્રેસના પ્રમુખપદે નિમાયા છે.

..... રાજયમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી ચારે કંપનીઓને મર્જ કરી ગુજરાત ઉર્જા વિતરણ નિગમ બનાવવાની કાર્યવાહીને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

રેશનલ સમાજની શનિવારે માસિક મીટીંગ મળશે

ગાંધીનગર, તા. ૭

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક ૯ માર્ચે સાંજે ૫.૦૦ કલાલે નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧, સેક્ટર-૨ ઉમાં મળશે. સંસ્થાના ઉપ પ્રમુખ અનિલભાઈ પટેલ ચમત્કારો પાછળનું વિજ્ઞાન પર વકતવ્ય આપશે. રેશનલ સમાજ ગાંધીનગરના મંત્રી પંકજભાઈ પટેલે જણાવેલ છે.

મહિલા જાગૃતિ શિબિર આજે યોજાશે

ગાંધીનગર, તા. ૭

મહિલાઓના આર્થિક સામાજિક ઉત્થાન અને સ્વસ્થ આરોગ્ય અને જાગૃતિ કેળવવા માટે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. ગાંધીનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત મહિલા જાગૃતિ શિબિર તા. ૮મી માર્ચના રોજ સવારે ૯.૦૦ કલાકે યોજાશે. જેમાં ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ સીતાબેન નાયકના પ્રમુખ પદે યોજાશે.

મહાનગર પાલિકા ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા અને કમિશ્નર એલ.પી. પાડલીયાએ જણાવેલ છે.

મહાશિવરાત્રીએ ઘ-૨ વાળા મહેન્દ્રકાકા લીંબુ-સોડા પીવડાવશે

ગાંધીનગર, તા. ૭

મહાશિવરાત્રી તા. ૧૦મી માર્ચના રોજ ઘ-૨ સર્કલ પાસે મહાકાળી સોડા સેન્ટર દ્વારા મહેન્દ્રભાઈ આર. જૈસ્વાલ દ્વારા ૨૦૦૦ નંગ લીંબુ સોડા વિના મૂલ્યે પીવડાવશે. તો શિવભક્તોએ લાભ લેવા જણાવેલ છે.

સંત રોહિતદાસ અને વીરમેઘ માયાના જીવન પર પરિસંવાદ શનિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૭

કબીર મેઘમાયાનો ૮૭૫મો બલિદાન દિવસ તથા સંત રોહિતદાસની ૬૩૭મી જન્મ જયંતિના ઉપક્રમે અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા તા. ૯ માર્ચે બપોરે ૩.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનમાં પરિસંવાદ યોજાશે. જેનું ઉદ્ઘાટન ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમના મનેજિંગ ટ્રસ્ટી રજનીકાંત એમ. જાદવ, મુખ્ય અતિથિ પદે ડૉ. નાથાલાલ ગોહિલ, સાહિત્યકાર જૂનાગઢ, ડૉ. હરીશ મંગલમ, સાહિત્યકાર ડૉ. પંકજ શ્રીમાળી પ્રા. જી.એલ. એસ. કોલેજ હાજર રહેશે.

ગાંધીનગરમાં ડાક અદાલત યોજાશે

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ગાંધીનગરમાં તા. ૨૮મી માર્ચ બપોરે ૩.૦૦ કલાકે ડાક અદાલત ભરાશે.

આ અદાલતમાં ટપાલ સેવાની ફરીયાદો સાંભળવામાં આવશે. તા. ૨૦મી માર્ચ સુધીમાં ફરીયાદો લેખિતમાં મોકવા જણાવેલ છે.

ગાંધીનગર મધુર ડેરીમાં ફાયર ફાઈટીંગની તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મધુર ડેરી, સેકટર-૨૫ ગાંધીનગર ખાતે તાજેતરમાં કર્મચારીઓને ફાયર ફાઈટીંગની તાલીમ આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર મધુર ડેરીમાં નેશનલ સેફટી ડેની ઉજવણીના ભાગ રૂપે યોજાયેલા ફાયર ફાઈટીંગના કાર્યક્રમમાં સૌ પ્રથમ ફાયર ત્રિકોણ, આગના પ્રકાર, અગ્નિશામકના પ્રકાર તથા ફાયર ફાઈટીંગ કઈ રીતે કરવું તેની માહિતી દર્શાવતી ફિલ્મ ઓડિટેરીયમમાં બતાવવામાં આવી હતી ત્યારબાદ તુરત જ આ બધા તાલીમાર્થીઓને ડેરીના પ્રાંગણમાં એક આગ સળગાવી આ આગ બુઝાવવા માટે અગ્નિ શામક તથા પાણીના હાઈડ્રન્ટનો ઉપયોગ કરી આગ ઓલવવામાં આવી હતી. હાજર કર્મચારીઓને ફિલ્મ અને રીયલ ડેમોસ્ટ્રેશન દ્વારા ફાયર ફાઈટીંગની તાલીમ આપવામાં આવી હતી.

આજે સાબર ઈન્સ્ટીટ્યૂટ મહિલા દિને રેલી કાઢશે

ગાંધીનગર, તા. ૭

સાબર એજ્યુકેશનના ડાયરેક્ટર પ્રવેશ ભાદવીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૮મી માર્ચે સમગ્ર વિશ્વ મહિલા દિન નિમિત્તે સાબર ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સ અને સાબર ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ગાંધીનગર દ્વારા ઘ-૦ થી ઘ-૨॥ સુધી રેલી કાઢવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે નારી સશક્તિકરણ, સ્ત્રી ભ્રુણહત્યા, જાતીય શોષણ, સ્ત્રી-પુરૂષ પ્રમાણ વગેરે વિશે જાગૃતિ લાવવાના આશયથી આજે ઘ-૦ થી સાબર એજ્યુકેશન દ્વારા રેલી યોજાશે. સંસ્થાના બાળકો રેલીમાં પોસ્ટર દ્વારા તથા નગરમાં સૂત્રોચ્ચાર, શેરી નાટકો દ્વારા નારી જાગૃતિના કાર્યક્રમ કરશે.

ગોદડીયા પરિવારો દ્વારા મહાશિવરાત્રી મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૭

ગોદડીયા પરંપરાના પ.પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૫૪મા મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન તા. ૮મી માર્ચથી ૧૦મી માર્ચ-૨૦૧૩ સુધી કરવામાં આવ્યું છે. સમર્થ પ.પૂ. પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી નં. ૧, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે યોજાનાર ત્રિદિવસીય મહાશિવરાત્રી મહોત્સવમાં ગોદડીયા પરિવારજનો તથા ભક્તજનો ખાસ ઉપસ્થિત રહેશે.

રાવત રાજપૂત સમાજે મહિલા દિને શુભકામનાઓ પાઠવી

ગાંધીનગર, તા.૭

રાવત રાજપૂત સમાજના મહામંત્રી વિક્રમસિંહ રાજપૂતે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આજે તા. ૮મી માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે રાવત રાજપૂત સમાજ મહિલા શકિતનો વિકાસ પૂરજોશથી કરશે તથા રૂઢિચસ્ત અને હાનીકારક ધરણાઓથી પર રહીને વિકાસ સાધશે.

રાજસ્થાનના પ્રથમ મહિલા મુખ્યમંત્રી વસુંધરા રાજેના આજે જન્મ દિન નિમિત્તે રાવત રાજપૂત સમજે તેમને શુભકામનાઓ પાઠવી છે. તથા રાજસ્થાનના આ સામાજિક સંગઠનને મહિલાઓને શિક્ષિત થવા અને સ્વયંને પરાધીન નહીં પણ સ્વાવલંબી બનવા અંગે અપીલ કરી છે.

ઉનાવાની ધજા દ્વારકા ચઢશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામેથી છેલ્લા નવ વર્ષથી દ્વારકા સંઘનું આયોજન કરવામાં આવે છે. તેમ આ વર્ષે પણ સંઘનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંઘમાં ૧૭ દિવસનો પગપાળા સફર કાપી દ્વારકા પહોંચશે અને તારીખ ૨૪મી માર્ચના રોજ ઉનાવા પરત આવશે. આ સાથે ઉનાવા ગામમાંથી જ બીજા એક સંઘે આજે ચોટીલા ચામુંડા મા ના દર્શન માટે પ્રસ્થાન કર્યું હતું. ઉનાવાથી દ્વારકા સંઘના યજમાન તરીકે પટેલ દિનેશભાઈ મફતભાઈ પટેલ તેમજ સમગ્ર સંઘનું આયોજન અને ધજાનું નેતૃત્વ અશોકભાઈ વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સાથોસાથ ચોટીલા સંઘના યજમાન પદે પટેલ ગલાભાઈ ચમનભાઈએ લાભ લીધો હતો.

આજથી પેથાપુરમાં શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આજે તા. ૮મી માર્ચ-૨૦૧૩ થી શિવમહાપુરાણ કથાનો સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે પ્રારંભ થશે.

પેથાપુર ગામના સોમનાથ સોસાયટીની બાજુમાં ભક્તિધામ મેદાનમાં યોજાનાર શિવ મહાપુરાણ કથાના પ્રારંભ બપોરે ૨ કલાકે પોથીયાત્રા યોજાશે. બપોરે ૨.૩૦ કલાકે શિવમહાપુરાણ કથા સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શરૂ થશે અને ૧૪મી માર્ચ સુધી ચાલશે. આ પ્રસંગે સંત કપિલદેવજી મહારાજ, સંત રામસ્વરૂપદાસ મહારાજ, સંત નિર્લેપાનંદ મહારાજ, સંત કૈલાસબા રાઠોડ, સંત ગોસ્વામી ઘનસુખનાથજી મહારાજ વગેરે ખાસ ઉપસ્થિત રહેશે. શિવમહાપુરાણ કથા બાદ ૧૫મીએ સુંદરકાંડ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાકે યોજાશે. તથા ૧૬મી માર્ચે લોકડાયરો યોજાશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૯
સૂર્યાસ્ત : ૬.૪૭

તાપમાન

મહત્તમ : ૩૬.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સારે જહાં સે મેંહગા : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦
મિશન ઓસામા બીન લાદેન : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન (હોલ્ડ) : ૯.૧૫
કાઈ પો છે : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૧૦.૩૦
ધ એટેંક્સ ઑફ ૨૬/૧૧ : ૮.૦૦

: સ્ક્રીન-૩ :
કાઈ પો છે : ૧૦.૩૦
ધ એટેંક્સ ઑફ ૨૬/૧૧ : ૧.૦૦, ૩.૩૦
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
લૂંટેરે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
લૂંટેરે : ૧૨.૪૫, ૫.૧૫

વિરાગ, કલોલ

હું છું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ ગાંધીનગર અને મહાનગરપાલિકા ગાંધીનગર દ્વારા મહિલા જાગૃતિ કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા બપોરે ૩.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ

શૈક્ષણિક

- સી.એમ. પટેલ નર્સીંગ કોલેજ ગાંધીનગર દ્વારા મહિલા દિન નિમિતે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરે ૧.૦૦ કલાકે

આપની આજ

મેષ : આજે કૌટુંબિક શુભ કાર્યોનું આયોજન થઈ શકશે. આર્થિક સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. નોકરીમાં પ્રગતિ થઈ શકે છે. સંતાન પક્ષ, મનોરંજન સંબંધી કાર્ય થશે. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

વૃષભ : જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે કાર્યોમાં સમયનો વ્યય ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કર્ક : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

સિંહ : જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કન્યા : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

તુલા : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. સામાજિત ક્ષેત્રે તમારી પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

વૃશ્ચિક : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

ધન : નીતિગત કોર્ટ કચેરીની સમસ્યાઓમાં સમય પસાર થઈ શકે છે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

મકર : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

કુંભ : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

મીન : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. મનહરલાલ ચીમનલાલ ભાવસાર (ઉ.વ. ૬૮) પ્લોટ નં.૨૫૧, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. કનૈયાલાલ બિહારીલાલ સિંહ (ઉ.વ. ૭૩) પ્લોટ નં. ૩૫૫/૧, શ્રેયસ સોસાયટી, સેકટર- ૨૨, ગાંધીનગર.